સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)
ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ, ગુજરાત ૩૮૦ ૦૧૫
ફોન : (079) 2674 7612-36 ફેક્સ : (079) 2674 9048
www.spipa.gujarat.gov.in
Light the Lamp of Knowledge
प्रज्वालितो ज्ञानमयः प्रदीपः

# જાહેરાત

## (ક્રમાંક: સીઆરજીએસ-તાલીમ/૨૦૧૩-૧૪/પ્રવેશ પરીક્ષા ૨૦૧૩/૦૧/ઇડીપી)

**કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોની ભરતી પરીક્ષા (class 1-2 ) પ્રશિક્ષણવર્ગો ૨૦૧૩- ૧૪**

(આ ગુજરાત સરકાર ધ્વારા સંચાલિત પ્રશિક્ષણવર્ગ છે. નોકરી માટેની જાહેરાત નથી.)

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ ખાતે કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોમાં વર્ગ ૧-૨ ની ભરતીના કામે યુ.પી.એસ.સી., આઇ.બી.પી.એસ., આર.બી.આઇ., એસ.બી.આઇ., એલ.આઇ.સી., એસ.એસ.સી., આર.આર.બી., વગેરે જેવી જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેના **પ્રશિક્ષણવર્ગો ૨૦૧૩- ૧૪**માં પસંદ થવા માટેની પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://ojas.guj.nic.in/ અથવા http://ojas1.guj.nic.in/ વેબસાઇટ પર **તા.૦૭/૦૬/૨૦૧૩ થી તા.૧૭/૬/૨૦૧૩** (સમય રાત્રિના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે અને અરજી કર્યા બાદ પરીક્ષા ફી ભરવા માટેનું ચલન કાઢીને ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરરાઇઝડ પોસ્ટ ઓફિસમાં જઇને **તા.૦૭/૦૬/૨૦૧૩ થી તા.૧૯/૦૬/૨૦૧૩** સુધી (પોસ્ટ ઓફિસના કામકાજના સમય દરમ્યાન) પરીક્ષા ફી ભરી શકશે. ઉમેદવારે તાજેતરનો Photograph (10 kb) અને Signature (10 kb) સાઇઝથી વધારે નહીં તે રીતે jpg format માં scan કરી કોમ્પ્યુટરમાં તૈયાર રાખવાનો રહેશે. જે ઓનલાઇન અરજીમાં upload કરવાનો રહેશે. અરજદારે પોતાના બધા જ શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, જાતિ અને અન્ય લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને સંસ્થા ધ્વારા માંગણી થયેથી અચૂક રજૂ કરવાના રહેશે.

## ૨. ઉક્ત જણાવેલ પ્રશિક્ષણવર્ગો ૨૦૧૩-૧૪ માટે જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | કેટેગરી | સ્પીપા અમદાવાદ | | આર.ટી.સી. અમદાવાદ | |
|---|---|---|---|---|---|
| | | પ્રથમ તાલીમવર્ગ તાલીમાર્થી ની સંખ્યા. | બીજા તાલીમવર્ગ તાલીમાર્થી ની સંખ્યા | પ્રથમ તાલીમવર્ગ તાલીમાર્થી ની સંખ્યા. | બીજા તાલીમવર્ગ તાલીમાર્થી ની સંખ્યા. |
| ૧ | જનરલ કેટેગરી (General Category) | ૪૮ | ૪૮ | ૨૪ | ૨૪ |
| ૨ | અનુસુચિત જાતિ (SC Category) | ૧૬ | ૧૬ | ૦૮ | ૦૮ |
| ૩ | અનુસુચિત જનજાતિ (ST Category) | ૧૬ | ૧૬ | ૦૮ | ૦૮ |
| ૪ | સા.શૈ.પ.વર્ગ (SEBC Category) | ૧૬ | ૧૬ | ૦૮ | ૦૮ |
| ૫ | શારીરિક વિકલાંગ (Physically Challenged) | ૦૩ | ૦૩ | ૦૨ | ૦૨ |
| ૬ | અંધ વિકલાંગ (Blind) | ૦૧ | ૦૧ | | |
| ૭ | કુલ. | ૧૦૦ | ૧૦૦ | ૫૦ | ૫૦ |

- સંભવિત તાલીમ વર્ગો :-

| અ.નં. | તાલીમ વર્ગનું આયોજન | તારીખ |
|---|---|---|
| (૧) | પ્રથમ તાલીમ વર્ગ. | તા.૧૬/૮/૧૩ થી તા.૧૪/૧૨/૨૦૧૩ |
| (૨) | બીજો તાલીમ વર્ગ | તા. ૧/૧૨/૧૩ થી તા.૩૧/૩/૨૦૧૪ |

## ૩. શૈક્ષણિક લાયકાત અને પાત્રતા

1. **શૈક્ષણિક લાયકાત:** કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર ધ્વારા કાયદાથી સ્થાપિત **માન્ય યુનિવર્સીટી/ડીમ્ડ યુનિવર્સીટીમાંથી સ્નાતક ૫૫ ટકા ગુણ** સાથે ઉતીર્ણ્ થયેલ હોવા જોઇએ.
2. **રાષ્ટ્રીયતા:** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ.
3. આ તાલીમમાં જે ઉમેદવારોની માતૃભાષા ગુજરાતી હોય અથવા જે ઉમેદવારોએ માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા ગુજરાતમાંથી પાસ કરી હોય અથવા સ્નાતક કક્ષાની પરીક્ષા ગુજરાતમાંથી પાસ કરેલ હોય અથવા ૧ લી ઓગષ્ટ ૨૦૧૩ પહેલા ગુજરાતમાં પાંચ વર્ષનો સળગ વસવાટ કરેલ હોય અને હાલ ગુજરાતમાં સ્થાયી હોય તેવા ઉમેદવારો આ તાલીમવર્ગમાં દાખલ થવા માટે લેવામાં આવતી પ્રવેશ પરીક્ષામાં બેસી શકશે.
4. શારીરિક વિકલાંગ તરીકેની પાત્રતા યુપીએસસી ધ્વારા નક્કી કર્યા મુજબ મળવાપાત્ર છે. (11-17 February, 2012 ના Employment News માં આપેલ UPSC ની જોગવાઇ મુજબ)

5. જાહેરાતમાં દર્શાવેલ તમામ કેટેગરીના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને સામાજીક શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારનું નોન-ક્રીમીલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટે તા.૦૧/૦૮/૨૦૧૩ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

## ૪. વયમર્યાદા: (તા.૧/૮/૨૦૧૩ સુધી)

1. ઓછામાં ઓછા ૨૧ વર્ષ અને વધુમાં વધુ ૨૮ વર્ષ સુધી
2. સામાન્ય વર્ગ (General Category) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે નહીં.
3. સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગ (SEBC) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુ ત્રણ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
4. અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુ પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
5. અંધ ઉમેદવાર અને શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં 11-17 February, 2012 ના Employment News માં આપેલ **UPSC** ની જોગવાઇ મુજબ છુટછાટ મળવાપાત્ર થશે

| ક્રમ | કેટેગરી | પાત્રતા વર્ષ (તા.૧/૮/૨૦૧૩ ના રોજ) | મળવાપાત્ર છુટછાટ | પાત્રતા વર્ષ માટેની ગણતરી (તા.૧/૮/૨૦૧૩ ના રોજ) |
|---|---|---|---|---|
| ૧ | સામાન્ય વર્ગ (General Category) | લઘુતમ ૨૧ વર્ષ અને મહતમ ૨૮ વર્ષ | છુટછાટ મળવાપાત્ર નથી | તા.૨/૮/૧૯૮૫ અથવા ત્યારબાદ જન્મેલા અને તા.૧/૮/૧૯૯૨અથવા તે પહેલા જન્મેલા |
| ૨ | સા.શૈ.પ.વર્ગ (SEBC Category) | લઘુતમ ૨૧ વર્ષ અને મહતમ ૩૧ વર્ષ | ત્રણ વર્ષ | તા.૨/૮/૧૯૮૨ અથવા ત્યારબાદ જન્મેલા અને તા.૧/૮/૧૯૯૨ અથવા તે પહેલા જન્મેલા |
| ૩ | અનુસુચિત જાતિ (SC Category) | લઘુતમ ૨૧ વર્ષ અને મહતમ ૩૩ વર્ષ | પાંચ વર્ષ | તા.૨/૮/૧૯૮૦અથવા ત્યારબાદ જન્મેલા અને તા.૧/૮/૧૯૯૨ અથવા તે પહેલા જન્મેલા |
| ૪ | અનુસુચિત જનજાતિ (ST Category) | | | |
| ૫ | શારીરિક વિકલાંગ (Blind, Deaf – mute and orthopedically handicapped persons) નોંધ: મળવાપાત્ર ૧૦ વર્ષ છુટછાટ કેટેગરી વાઇઝ નીચે મુજબ છે. | | | |
| ૫(૧) | સામાન્ય વર્ગ (General Category) | લઘુતમ ૨૧ વર્ષ અને મહતમ ૩૮ વર્ષ | ઉપરોક્ત કેટગરી વાઇઝ મળવાપાત્ર છુટછાટ ઉપરાંત વધારાની ૧૦ વર્ષની છુટછાટ યુપીએસસીના નિયમો મુજબ | તા.૨/૮/૧૯૭૫ અથવા ત્યારબાદ જન્મેલા અને તા.૧/૮/૧૯૯૨ અથવા તે પહેલા જન્મેલા |
| ૫(૨) | સા.શૈ.પ.વર્ગ (SEBC Category) | લઘુતમ ૨૧ વર્ષ અને મહતમ ૪૧ વર્ષ | | તા.૨/૮/૧૯૭૨ અથવા ત્યારબાદ જન્મેલા અને તા.૧/૮/૧૯૯૨ અથવા તે પહેલા જન્મેલા |
| ૫(૩) | અનુસુચિત જાતિ (SC Category) | લઘુતમ ૨૧ વર્ષ અને મહતમ ૪૩ વર્ષ | | તા.૨/૮/૧૯૭૦ અથવા ત્યારબાદ જન્મેલા અને તા.૧/૮/૧૯૯૨ અથવા તે પહેલા જન્મેલા |
| ૫(૪) | અનુસુચિત જનજાતિ (ST Category) | | | |

૫. **<u>પ્રવેશ પરીક્ષા:</u>**

1. પ્રવેશ પરીક્ષા માટે કોન્ટીટેટીવ એપ્ટીટયુડ રિઝનીગ, જનરલ અવેરનેશ અને ઇગ્લીશનું મળી કુલ-૨૦૦ માર્કસનું પેપર MCQ **(Multiple Choice Question)**મુજબ લેવામાં આવશે. જે નીચે મુજબ છે.

2. **પ્રવેશ પરીક્ષા** <u>તા.૨૧/૦૭/૨૦૧૩</u> **ને રવિવારના રોજ લેવામાં આવશે. જેની વિગત નીચે મુજબ છે.**

3. **હેતુલક્ષી પરીક્ષા (Multiple Choice Question)**

4.

| તારીખ | સમય | વિષય | ગુણ |
|---|---|---|---|
| ૨૧/૭/૨૦૧૩ | ૧૧-૦૦ થી ૧૩-૦૦ | પેપર ૧. | |
| | | (૧) કોન્ટીટેટીવ એપ્ટીટયુડ | ૫૦ |
| | | ૨)વર્બલ અને નોન વર્બલ રીઝનીંગ | ૫૦ |
| | | (૩) ઇંગ્લીશ | ૫૦ |
| | | (૪) જનરલ અવરનેસ અને કરન્ટ અફેર | ૫૦ |
| | | | |
| **કુલ ગુણ** | | | **૨૦૦** |
| **પ્રવેશ પરીક્ષા માટેનું કેન્દ્ર: અમદાવાદ** (વિગતવાર કેન્દ્રની જાણ પ્રવેશપત્ર (Hall Ticket) ઉમેદવાર http://ojas.guj.nic.in/ અથવા http://ojas1.guj.nic.in/ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી શકશે.) | | | |
| **નોંધ** :- (૧) ખોટા જવાબ બદલ અથવા એક પ્રશ્નમાં એક કરતાં વધારે જવાબ બદલ પ્રશ્નના ૧/૩ ગુણ બાદ કરવામાં આવશે.<br>(૨) અંધ ઉમેદવારને પ્રત્યેક પેપરમાં વધારાના સમય તરીકે ૨૦ મિનિટ આપવામાં આવશે.<br>(૩) પ્રશ્નપત્ર હેતુલક્ષી પ્રકારનો હોય છે ( બહુવિધ પસંદગી પ્રશ્ન ).<br>(૪) ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં.<br>(૫) દરેક વિષય માટે આંતરીક કટ ઓફ માર્કસ ૧૫ રહેશે. | | | |

5. **<u>હોલ ટીકીટ ડાઉનલોડ/પ્રિન્ટ આઉટ કરવા બાબત:</u>**

**તા.૨૧/૦૭/૨૦૧૩** ને રવિવારના રોજ યોજાનારા પરીંક્ષાની હોલ ટીકીટ તા.૦૮/૦૭/૨૦૧૩ થી તા.૨૧/૭/૨૦૧૩ **(સવારના ૧૧.૦૦ વાગ્યા સુધી)** ડાઉનલોડ/પ્રિન્ટ આઉટની નકલ મેળવી લેવાની રહેશે.

૬. પ્રવેશ પરીક્ષા **અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત ખાતે યોજવામાં આવશે. તમે જે કેન્દ્ર ખાતે પરીક્ષા આપવા માગતા હો તે અંગે ક્રમાનુસાર ૩ વિકલ્પ આપવાના રહેશે.** સેન્ટરની સગવડતા/ઉપલબ્ધતા તથા વહીવટી કારણોસર પરીક્ષા સ્થળ નકકી કરવાના આખરી અધિકાર સ્પીપાના રહેશે.

6. <u>પરીક્ષાનો અભ્યાસક્રમ:</u>

| The examination consists of one papers. | | |
|---|---|---|
| Paper I: | (૧) કોન્ટીટેટીવ એપ્ટીટયુડ | 50 Marks |
| | ૨) વર્બલ અને નોન વર્બલ રીઝનીંગ | 50 Marks |
| | (૩) ઇંગ્લીશ | 50 Marks |
| | (૪) જનરલ અવરનેસ અને કરન્ટ અફેર | 50 Marks |
| | Total | 200 Marks |

પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે કેટેગરી વાઇઝ મેરીટ મુજબ મંજુર થયેલ જગ્યાના ૩ ગણા ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

૭. <u>અરજી કરવાની રીત :-</u>

આ જાહેરાતના સંદર્ભમાં ફક્ત ઓન લાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ તારીખ મુજબ **તા.૦૭/૦૬/૨૦૧૩ થી તા.૧૭/૬/૨૦૧૩** ( સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન http://ojas.guj.nic.in/ અથવા http://ojas1.guj.nic.in/ વેબસાઇટ પર ઓન-લાઇન અરજીપત્રક ભરી શકશે. સાથે સાથે આ અરજીપત્ર નજીકની પોસ્ટ ઓફિસમાં જઇને ઓનલાઇન અરજી કરી શકશે. જે માટે પોસ્ટ ઓફિસને નિયત ચાર્જ ઉમેદવારે ચૂકવવાનો રહેશે. ઉમેદવારે (૧) સૌ પ્રથમ http://ojas.guj.nic.in/ અથવા http://ojas1.guj.nic.in/ વેબસાઇટ પર જવું. હવે (૨) "Apply On line" પર Click કરવું. (૩) જાહેરાત ક્રમાંક સીજીઆર -તાલીમ/૨૦૧૩-૧૪/પ્રવેશ પરીક્ષા ૨૦૧૩/૦૧/ઇડીપી "<u>**કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોની ભરતી પરીક્ષા (class 1-2 ) પ્રશિક્ષણવર્ગ ૨૦૧૩- ૧૪**</u> " પર "Details" પર ક્લિક કરવાથી કેટેગરી પ્રમાણે જગ્યાની વિગતવાર માહિતી વાંચી શકશો અને (૪) "Apply now" પર Click કરવાથી Application Format ખુલશે જેમાં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ કુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) (૫). Personal Details ભરાયા બાદ "Education Details" ભરવા માટે "Education Qualification" પર click કરવું. (૬) જો વધુ લાયકાત દર્શાવવા માંગતા હો તો "Add More Education" પર click કરવું. (૭) તેની નીચે "Self Declaration" પર click કરવું. ત્યારબાદ (૮) ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઇ ગયેલ છે. (૯) હવે "Save" પર click કરવાથી તમારી અરજીનો Online સ્વીકાર થશે. (૧૦) અરજી કર્યા બાદ ઉમેદવારનો "Application Number" Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે. (૧૧) હવે Upload Photograph પર click કરો અહીં તમારો Application Number type કરો અને તમારી Birth date type કરો . ત્યાર બાદ ok પર click કરવું. અહીં photo અને signature upload કરવાના છે. ( photo નું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને signature નું માપ ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી. ) ( Photo અને Signature Upload

કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature jpg format (10 kb) સાઇઝથી વધારે નહિ તે રીતે Computer માં હોવા જોઇએ.) "browse button" પર Click કરો. હવે ચુઝ ફાઇલના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg format માં તમારો photo store થયેલ છે., તે ફાઇલને select કરો અને "Open" button ને Click કરો. હવે "browse" button ની બાજુમાં "Upload" button પર Click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે. (૧૨) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર Click કરો અને "Application number" તથા Birth Date type કર્યા બાદ OK પર Click કરવાથી ત્રણ બટન (૧) OK (૨) Show Application Preview અને (૩) Confirm Application દેખાશે. ઉમેદવારે Show Application Preview પર Click કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit કરી લેવું. Confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો થઇ શકશે. પરંતું કન્ફર્મ થયા બાદ કોઇપણ પ્રકારનો સુધારો શકય બનશે નહી. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ન જણાઇ તો જ Confirm Application પર Click કરવું. તેથી ઉમેદવારની અરજીનો સંસ્થામાં Online સ્વીકાર થઇ જશે. અહીં "Confirmation Number" Generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોય, ઉમેદવારે સાચવવાનો રહેશે. (૧૩) હવે Print Application પર Click કરવું. અહીં તમારો Confirmation Number ટાઇપ કરવો. અને Print પર Click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી. (૧૪) પ્રવેશ પરીક્ષા ફી ભરવા માટેનું ચલન મેળવવા માટે હવે Print Challan પર Click કરવું. અહીં તમારો Confirmation Number ટાઇપ કરવો અને Print Challan પર Click કરી ચલનની નકલ કાઢી ગુજરાત રાજ્યની કોઇપણ કોમ્પ્યુટરરાઇઝડ પોસ્ટ ઓફિસમાં જઇને સામાન્ય વર્ગ (General Category) ના ઉમેદવારો પરીક્ષા ફી પેટે રૂ!.૧૦૦/- + **પોસ્ટલ ચાર્જીસ રૂા.૧૨/-** અને અનામત કેટેગરીના ઉમેદવારો પરીક્ષા ફી પેટે રૂ!.૫૦/- + **પોસ્ટલ ચાર્જીસ રૂા.૧૨/-** ભરી દેવાના રહેશે. (૧૫) લાલ ફૂદડીવાળી (*) માહિતી આપવી ફરજીયાત છે. આ માહિતી ફોર્મમાં ભરવામાં નહીં આવે ત્યાંસુધી ફોર્મ સબમીટ થઇ શકશે નહીં. (૧૬) નોનક્રીમીલેયરની વિગતો ફરજીયાતપણે આપવાની રહેશે. તે નહીં આપનાર તે ઉમેદવારો જનરલ કેટેગરી બતાવશે તો ફોર્મ સબમીટ થશે.

**ખાસનોંધ- તાલીમાર્થી પરીક્ષા કયા સ્થળે આપવા માગે છે તેના ૩ વિકલ્પ્ અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત પૈકી આપવાના રહેશે. તેમજ તાલીમ કયાં સ્થળે લેવા માગે છે તેના પણ વિકલ્પ સ્પીપા, અમદાવાદ કે આર.ટી.સી, પ્રહલાદનગર-ગાર્ડન નજીક અમદાવાદ આપવાના રહેશે.**

૮. <u>પ્રવેશ પરીક્ષા ફી:</u>

1. તમામ કેટેગરીના ઉમેદવારોએ પ્રવેશ પરીક્ષાની ફી ભરવી ફરજિયાત છે. અન્યથા પ્રવેશ પરીક્ષામાં બેસી શકશો નહીં.
2. પ્રવેશ પરીક્ષા માટેની ફી ભરવા માટે ઉમેદવારો જ્યારે OJAS ની વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે OJAS ની વેબસાઇટ પર ત્રણ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સૂચના મળશે જે ઉમેદવારોએ મેળવી લેવાની રહેશે. જે પ્રવેશ પરીક્ષા ફી ભરવા માટેનું ચલન છે.

3. ઉમેદવારે પ્રવેશ પરીક્ષા ફી ભરવા માટેનું ચલન ધ્વારા ગુજરાત રાજ્યની કોઇપણ કોમ્પ્યુટરરાઇઝડ પોસ્ટ ઓફિસમાં જઇને સામાન્ય વર્ગ (General Category) ના ઉમેદવારો પરીક્ષા ફી પેટે **રૂ!.૧૦૦/- + પોસ્ટલ ચાર્જીસ રૂા.૧૨/-** અને અનામત કેટેગરીના ઉમેદવારો પરીક્ષા ફી પેટે **રૂ!.૫૦/- + પોસ્ટલ ચાર્જીસ રૂા.૧૨/-** ભરી દેવાના રહેશે.

4. તમામ કેટેગરીના ઉમેદવારોએ પ્રવેશ પરીક્ષાના રોજ પરીક્ષા ફી ભર્યાની નકલ સાથે લઇને આવવાનું રહેશે અન્યથા પ્રવેશ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.

5. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.

6. પોસ્ટ ઓફિસમાં ફી ભરવાની છેલ્લી તારીખ ૧૯/૬/૨૦૧૩ (પોસ્ટ ઓફિસના કામકાજના સમય દરમ્યાન) ની રહેશે.

૯. <u>સામાન્ય સૂચનાઓ :</u>

1. પ્રવેશપત્ર વગર પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહીં અને પ્રવેશ પરીક્ષા ફી ભરેલ ચલનની નકલ પરીક્ષાખંડમાં સુપરવાઇઝરને રજૂ કરવાની રહેશે. ફી ભર્યાની ચલનની નકલ રજૂ નહીં કરનાર ઉમેદવારને પરીક્ષાખંડમાં બેસવા દેવામાં આવશે નહીં.

2. પરીક્ષાના સમય પહેલાં પંદર મિનિટ અગાઉ ઉમેદવારે પોતાની બેઠક પર બેસી જવાનું રહેશે.

3. તમારી સાથે પરીક્ષા ખંડમાં કેલ્ક્યુલેટર, મોબાઇલ, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્ય રાખી શકાશે નહી.

4. પરીક્ષા શરૂ થયા પછી પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષા ખંડ છોડવા દેવામાં આવશે નહીં.

5. અનઅધિકૃત પુસ્તક, પેપર, લેખમાંથી કે અન્ય ઉમેદવારોમાંથી નકલ કરવી નહીં, કે નકલ કરવા માટે પ્રયાસો કરવા નહીં. તેમજ તમારા પેપરમાંથી અન્ય ઉમેદવારોને નકલ કરવા દેવા નહીં. આ સૂચનાના ભંગ બદલ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

6. પરીક્ષા પૂર્ણ થવા માટેનો બેલ વાગ્યાથી તુરત ઉત્તરવહી નિરીક્ષકને સોંપી દેવી.

7. પ્રથમ તબક્કાનું પરીણામ આકસ્મિક સંજોગો સિવાય તા.૦૧/૦૮/૨૦૧૩ સુધીમાં સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે.

8. પરીક્ષામાં સફળ ઉમેદવારોને પત્રથી જાણ કરવામાં આવશે છતાંય પરીણામ સ્પીપાની વેબસાઇટ www.spipa.gujarat.gov.in ઉપર મૂકવામાં આવશે. જરૂર જણાય તો 'સ્પીપા' ના ટેલિફોન નંબરો ઉપર સંપર્ક કરવાથી પણ પરિણામ જાણી શકાશે.

9. સંસ્થા જે કોઇ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા કેલ્ક્યુલેટર, મોબાઇલ પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી

અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તૃત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણુક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઇપણ કૃત્ય કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત સંસ્થા, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે.

**10.** ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઇપણ વિગત અને મૌખિક કસોટી સમયે ઉમેદવારે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ ધ્વારા “રદ” કરવામાં આવશે. તેમજ મૌખિક કસોટી ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી સંસ્થા ધ્વારા કોઇપણ તબક્કે “રદ” કરવામાં આવશે.

**11.** સંસ્થા ધ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણુક માટેનો હક મળી જતો નથી. નિમણૂક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે.

**12.** પસંદગી પામેલ ઉમેદવારને સંસ્થાના નિયમ મુજબ શરતોને આધિન પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ મળશે..

**13.** ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટે દાવો કરવાને હકદાર થશે નહીં, સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે અભ્યાસ સારૂ તે યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટે સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

**14.** આ જાહેરાત તથા પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટે કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યક્તા ઉભી થાય તો તેમ કરવાનો સંસ્થાને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા સંસ્થા બંધાયેલ રહેશે નહીં.

**15.** આ તાલીમ દરમ્યાન ઉમેદવારોને લોજીંગ બોર્ડીંગની વ્યવસ્થા પુરી પાડવામાં આવશે નહી. પરંતું લાયબ્રેરી સુવિધા આપવામાં આવશે. લાયબેરી ડીપોઝીટ પેટે રૂપિયા ૨૦૦૦/- અને તાલીમ ડીપોઝીટ પેટે રૂપિયા ૫૦૦૦/- ભરવાના રહેશે.

**16.** આ તાલીમમાં તાલીમાર્થીએ નિયમીત હાજર રહેવાનું રહેશે. ૭૫ ટકાથી ઓછી હાજરી હશે તેઓને તાલીમમાંથી રુખસદ આપી તેઓની તાલીમ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.આ ઉપરાંત બેચ શરૂ થયા બાદ એક માસ સુધી તાલીમાર્થીઓની હાજરી ઉપર સતત નજર રાખવામાં આવશે. આ દરમ્યાન સતત ગેરહાજર રહેનાર તાલીમાર્થીનો પ્રવેશ રદ કરી

પ્રતિક્ષાયાદ માંથી કેટેગરી/મેરીટ મુજબ લાયક ઉમેદવારની પસંદગી કરવામાં આવશે. એક અઠવાડીયામાં ડીપોઝીટની રકમ નહીં ભરનારનો પ્રવેશ રદ કરવામાં આવશે.

## ૧૦. પ્રાથમિક કસોટી માટેના પ્રશ્નપત્ર અંગેની ખાસ સૂચનાઓ:-

1. **પ્રશ્નપત્ર** - ૨૦૦ માર્કસનું રહેશે. પ્રશ્નો હેતુલક્ષી પ્રકારના (Multiple Choice Questions) રહેશે.
2. પ્રશ્નોના જવાબો અલગ આપેલ ઉત્તરવહીમાં જ લખવાના રહેશે. જવાબો એચ.બી. પેન્સીલ (HB Pencil) થી ફક્ત (●) કરીને આપવાના છે. પ્રશ્નપત્રની ભાષા ગુજરાતી/અંગ્રેજી રહેશે. ગુજરાતી ભાષાંતરમાં કોઇ ગુંચવણ જણાય તો અંગ્રેજીમાં પૂછાયેલ પ્રશ્નની ભાષાનું અર્થઘટન આખરી ગણાશે.
3. ઉત્તરવહીમાં જવાબ આપવા માટે માત્ર HB Pencil નો જ ઉપયોગ કરવો. ઉમેદવારે ત્રણ થી ચાર HB Pencil, રબ્બર અને સંચો સાથે અવશ્ય લાવવો.
4. પ્રશ્નપત્રમાં મહંદઅંશે નીચેના વિષયો આવરી લેતા પ્રશ્નો પૂછવામાં આવશે.

**Paper**

| | | |
|---|---|---|
| Paper I: | (૧) કોન્ટીટેટીવ એપ્ટીટયુડ | 50 Marks |
| | (૨) વર્બલ અને નોન વર્બલ રીઝનીંગ | 50 Marks |
| | (૩) ઇંગ્લીશ | 50 Marks |
| | (૪) જનરલ અવરનેસ અને કરન્ટ અફેર | 50 Marks |
| | Total | 200 Marks |

5. ઉત્તરવહીમાં નિયત જગ્યાએ તમારો બેઠક નંબર, નામ અને કેટેગરી (Category) અવશ્ય લખવી.
6. ઉત્તરવહીમાં જવાબ માટે પેન્સીલથી કરેલ નિશાની સિવાયનું (●) કોઇપણ પ્રકારનું લખાણ અથવા એક કરતાં વધુ વૈકલ્પિક ઉત્તરો ગુણને પાત્ર થશે નહીં.
7. ઉત્તરવહી ઉપર નિરીક્ષકની સહી છે કે નહીં તેની ખાત્રી કરી લેવી. જો તમારી ઉત્તરવહી ઉપર નિરીક્ષકની સહી નહીં હોય તો તેવી ઉત્તરવહી મૂલ્યાંકન માટે ગણાશે નહીં.
8. ખોટા જવાબ બદલ અથવા એક પ્રશ્નમાં એક કરતાં વધારે જવાબ બદલ પ્રશ્નના ગુણના ૩૩% ગુણ બાદ કરવામાં આવશે. જે પ્રશ્નનો જવાબ આપવામાં નહીં આવે તેની કોઇ પેનલ્ટી થશે નહીં.
9. ઉમેદવારે સાચો બેઠક નંબર અને અરજીમાં દર્શાવેલ કેટેગરી ઉત્તરવહીમાં અવશ્ય દર્શાવવાની રહેશે. બેઠક નંબર સિવાય અથવા ખોટા નંબરની ઉત્તરવહીની ચકાસણી કરવામાં આવશે નહીં. .

## ૧૧. સામાન્ય શરતો:

1. જાહેરાતમાં જે કક્ષાની અનામત વર્ગો માટે જે જગ્યાઓ અનામત છે તેઓને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. (ઉપર મુદ્દા નં ૪. માં જણાવ્યા મુજબ)
2. અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળશે નહીં.

3. સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારોનો ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નોન-ક્રિમિનીલેયર સર્ટીફિકેટ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ- (ક) ના નમુનામાં તા.૩૧/૩/૨૦૧૩ ના રોજ પુરા થયેલ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ માટેનું અર્થાત્ તા.૧/૪/૨૦૧૩ થી તા.૧૯/૬/૨૦૧૩ દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્ર સંસ્થા ધ્વારા મંગાવવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે.

4. જો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારે આ અસલ પ્રમાણપત્રો સંસ્થા ધ્વારા મંગાવવામાં આવે તે સમયે રજુ કરેલ નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહીં.

5. પરીક્ષા ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તથા અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહીં.

6. ફી ભર્યા સિવાયની અરજી મળેલ હશે તો એકપણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

7. સંસ્થા તરફથી આપવામાં આવતી નવી સૂચનાઓ જોવા માટે જાહેરાતમાં દર્શાવેલ વેબસાઇટ અવારનવાર જોતા રહેવું.

તારીખ: ૦૧/૦૬/૨૦૧૩

સ્થળ:- અમદાવાદ

નાયબ મહાનિર્દેશક
સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા,
અમદાવાદ

**ન્યુઝ પેપરમાં આપવાની** **થતી જાહેરાતનો નમૂનો**


સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)
ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ, ગુજરાત ૩૮૦ ૦૧૫
ફોન : (079) 2674 7612-38 ફેક્સ : (079) 2674 9048
www.spipa.gujarat.gov.in


## કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોની ભરતી પરીક્ષા

## (class 1-2 etc.) પ્રશિક્ષણવર્ગ ૨૦૧૩- ૧૪

(આ ગુજરાત સરકાર ધ્વારા સંચાલિત પ્રશિક્ષણવર્ગ છે.

નોકરી માટેની જાહેરાત નથી.)

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ ખાતે **કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોમાં વર્ગ ૧-૨ ની ભરતીના કામે યુ.પી.એસ.સી., આઇ.બી.પી.એસ., આર.બી.આઇ., એસ.બી.આઇ., એલ.આઇ.સી., એસ.એસ.સી., આર.આર.બી.,** વગેરે જેવી જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેના **પ્રશિક્ષણવર્ગો ૨૦૧૩- ૧૪** માટેની પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://ojas.guj.nic.in/ અથવા http://ojas1.guj.nic.in/ વેબસાઇટ પર **તા ૭/૬/ ૨૦૧૩ થી તા.૧૭/૦૬/૨૦૧૩** (સમય રાત્રિના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે અરજીપત્ર ઉમેદવાર પોતાના કોમ્પ્યુટરથી અથવા સાયબર કેફેમાંથી ઓનલાઇન સબમીટ કરી શકશે. અરજી કર્યા બાદ પરીક્ષા ફી ભરવા માટેનું ચલન કાઢીને ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરરાઇઝડ પોસ્ટ ઓફિસમાં જઇને **તા.૦૭/૦૬/૨૦૧૩ થી** તા.૧૯/૦૬/૨૦૧૩ સુધી પરીક્ષા ફી ભરવાની રહેશે. પ્રવેશ પરીક્ષા ફી ભરેલ ચલનની નકલ પરીક્ષાખંડમાં સુપરવાઇઝરને રજૂ કરવાની રહેશે. ફી ભર્યાની ચલન નકલ રજૂ નહીં કરનાર ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.

**૨. ઉક્ત જણાવેલ પ્રશિક્ષણવર્ગો ૨૦૧૩-૧૪ દરમ્યાન સ્પીપા ખાતે ૧૦૦ તાલીમાર્થીઓના બે વર્ગો તથા આર.ટી.સી. અમદાવાદ ખાતે ૫૦ તાલીમાર્થીઓના બે વર્ગો યોજાનાર છે.**

૩. સ્પીપા તથા પ્રાદેશીક તાલીમ કેન્દ્ર ખાતે તાલીમવર્ગો માટે ભરવાની થતી જગ્યાઓ **અંગેની** વિગત,કેટેગરી, શૈક્ષણિક લાયકાત અને પાત્રતા, વય-મર્યાદા, પરીક્ષા ફી, પરીક્ષા અંગેની વિગત, અરજી કરવાની રીત વગેરે http://www.spipa.gujarat.gov.in/અનેhttp://ojas.guj.nic.in/અથવાhttp://ojas1.guj.nic.in/ વેબસાઇટ પરથી મેળવી લેવાની રહેશે. ઓનલાઇન ફોર્મ ભરતા પહેલા આ વિગતો જોઇ લેવાની રહેશે.

૪. વધુ માહિતી માટે ઉક્ત જણાવેલ વેબસાઇટ જોવી અથવા ટોલ ફ્રી નંબર <u>૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦</u> ઉપર સંપર્ક કરવો.

**નાયબ મહાનિર્દેશક**

**સ્પીપા, અમદાવાદ**

ક્રમાંક:સીજીઆર-તાલીમ/૨૦૧૩-૧૪/પ્રવેશ પરીક્ષા-૦૧/૨૦૧૩/ઇડીપી

**Draft Newspaper Advertisement**

Sardar Patel Institute of Public Administration (SPIPA)
Opp. ISRO, Satellite Road, Ahmedabad – 380 015, Gujarat.
Phone: (079) 26747612-36 Fax : (079) 26749048
www.spipa.gujarat.gov.in

**Training for preparation of Central Govt. offices & Public Sector Recruitment Exam (Class 1-2 etc.) year 2013-14**

(This is for providing training to Central Government class 1-2 recrutment Exam aspirants by Government of Gujarat and not a job advertisement)

Online Applications are invited for entrance test for admission for coaching class in Sardar Patel Institute of Public Administration, Ahmedabad (SPIPA) from candidates aspiring to Exam (Class 1-2 etc.) conducted by **UPSC, IBPS, RBI, SBI, LIC, SSC, RRB** etc. The interested candidates are required to apply online on http://ojas.guj.nic.in/ or http://ojas1.guj.nic.in from **07-06-2013 to 17-06-2013** (till 11.59 pm). After filling online application, the candidates should print out the challan an deposit the fee in computerized post-offices from **07-06-2013 to 19-06-2013**. Candidates can also fill online application by his own computer or from cyber café The copy of challan will have to be shown to supervisor in the Exam Hall. Candidate without copy of challan will not be allowed to appear in the Exam.

**2. The above described Training classes-2013-2014 will be held at SPIPA-Ahmedbad 100 trainee - 2 batches & our Regional Training Centre- Ahmedbad 50 trainee - 2 batches.**

3. All other necessary details with respect to candidate education qualifications, age limit, exam fee, SPIPA & Regional Training centre no. of vacancy/ category, details pertaining to exam for how to apply, how to dowanload or print hall ticket etc are made available on website http://www.spipa.gujarat.gov.in and http://ojas.guj.nic.in/ or http://ojas1.guj.nic.in/.Candidates are requested to visit the website carefully before submitting the application form.

4. For further details, kindly visit the above website or contact Toll free number **1800 233 5500**

Deputy Director General

SPIPA, Ahmedabad

No. CGR-TRG/2013-14/Entrance Exam 2013-01/EDP